**સિંગવડ ગામમાં નળ સે જળ યોજના નિષ્ફળ? લોકોને પાણી માટે વલખા મારવા પડે છે**

## માત્ર ૨૫-૩૦ ઘરોમાં જ પાણી આવે બાકીના ફળિયા વાસીઓને ફાંફા

**તંત્ર તાત્કાલિક સ્થળ તપાસ કરી તૂટેલી પાઇપોનું સમારકામ કરે અને સ્થાનિક રહીશોને ઘરોમાં પાણી ઉપલબ્ધ કરાવે તેવી જનતાની માંગ છે**

(પ્રતિનિધી) સિંગવડ, તા.16

કેન્દ્ર સરકારની મહત્વાકાંક્ષી નળ સે જળ યોજના હેઠળ સિંગવડ તાલુકાના સિંગવડ ગામમાં પાઈપલાઈન તો નાખવામાં આવી છે, પરંતુ ગામના અનેક ફળિયાઓ સુધી પાણી પહોંચતું જ નથી, જેના કારણે ગ્રામજનોને ભારે તકલીફનો સામનો કરવો પડી રહ્યો છે. જ્યારે સિંગવડ ગામ મા માત્ર 25-30 ઘરોમાં જ પાણીઃ સિંગવડ ગામમાં યોજના લાગુ થઈ હોવા છતાં હાલ માત્ર 25 થી 30 ઘરોમાં જ પાણી જઈ રહ્યું છે. બાકીના અનેક ફળિયાઓમાં નળ હોવા છતાં પાણીનું એક ટીપું પણ આવતું નથી. જ્યારે અનેક ફળિયાઓની લાઈનો તૂટેલી પાઈપોનું રિપેરિંગ નહીંઃ* ગામના ઘણા ફળિયાઓમાં પહેલા પાણી આવતું હતું, પરંતુ છેલ્લા ઘણા સમયથી પાઈપો તૂટી જવાના કારણે પાણી આવવાનું બંધ થઈ ગયું છે. આ બાબતે વારંવાર જે તે ખાતાના અધિકારીઓને રજૂઆત કરવા છતાં આજદિન સુધી રિપેરિંગ કામ કરવામાં આવ્યું નથી, જેનો ભોગ સીધો નાગરિકો બની રહ્યા છે.અણઘડ પાઈપલાઈન ડિઝાઈન - વરસાદના પાણી મોભે ચડાવવા જેવી સ્થિતિઃ સૌથી મોટી વિડંબના એ છે કે,



સિંગવડમાં જ્યાંથી આ નળ સે જળ કનેક્શનની મેઈન લાઈન નીકળે છે, તે જ ફળિયામાં પાણીની સૌથી વધુ તકલીફ છે. તંત્ર દ્વારા આખા ગામમાં ફેરવીને પાછું તે જ ફળિયામાં પાણી લાવે તેવી રીતે પાઈપલાઈન ગોઠવવામાં આવી છે. લાંબી અને આડા-અવળી લાઈન હોવાથી પ્રેશર ન બનતા પાણી ઉપર ચડતું નથી. ગ્રામજનોનો આક્ષેપ છે કે સરકારી તંત્રના અધિકારીઓ દ્વારા "વરસાદના પાણી મોભે ચડાવવા જેવી" અણઘડ પાઈપલાઈન નાખવામાં આવી છે, જેના લીધે તે ફળિયાના લોકો પાણી માટે વલખા મારી રહ્યા છે. સિંગવડના નાગરિકોની માંગ છે કે તંત્ર તાત્કાલિક સ્થળ તપાસ કરી તૂટેલી પાઈપોનું સમારકામ કરે અને ખોટી રીતે નાખેલી પાઈપલાઈનને સીધી કરી દરેક ફળિયામાં નિયમિત પાણી પહોંચે તેવી વ્યવસ્થા કરે.આમ ભર ચોમાસે સીંગવડના નાગરિકોને પાણી માટે ખુબ જ તકલીફ વેઠવી પડી રહી છે જે સરકાર સુધી આ લોકોની સમસ્યા પહોંચે અને લાગતા વળગતા તંત્ર દ્વારા યોગ્ય કામગીરી કરી નાગરિકોને ન્યાય મળે તે ઈચ્છનીય છે.

**સિંગવડમાં PM મોદીનો જન્મદિવસ ઉજવાશે**

## ભારતીય જનતા પાર્ટી દ્વારા મહારક્તદાન કેમ્પ યોજાશે

(પ્રતિનિધી) સિંગવડ, તા.16

સિંગવડ તાલુકાના સિંગવડ ખાતે ભારતના વડાપ્રધાન અને લોકપ્રિય નેતા *માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના જન્મદિવસ નિમિત્તે સિંગવડ ખાતે આવતીકાલે 17 સપ્ટેમ્બર, ગુરુવારના રોજ રક્તદાન મહાદાન કેમ્પનું અનોખું અને માનવતાભર્યું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પનું આયોજન સિંગવડમાં સ્થિત શ્રી રણછોડજી મહેતા મંડળ અને સ્થાનિક સેવાભાવી સંસ્થાઓના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં તાલુકા હેલ્થ વિભાગ, ગુરુકૃપા હોસ્પિટલ સિંગવડ તથા લાલજીવાદળીયા તંત્ર દ્વારા સહયોગ આપવામાં આવશે. 17/09 (ગુરુવાર) સમયઃ સવારે 10:00 થી બપોરે 1:00 વાગ્યા સુધી સ્થળઃ ગુરુકૃપા હોસ્પિટલ, ચુંદડી રોડ, સિંગવડ રેડ ક્રોસ સોસાયટી, ગોધરાતાલુકા વહીવટી તંત્ર સિંગવડ અને ભારતીય જનતા પાર્ટી, સિંગવડ તાલુકો રક્તદાન કરનાર દાતાઓને જરૂરી તબીબી સુવિધા, ખાદ્યપદાર્થ અને પ્રમાણપત્ર આપવાની વ્યવસ્થા રહેશે. આવો, બ્લડ ડોનેટ કરી જીવન બચાવીએ... મહાદાનમાં સહભાગી બનીએ! ઉલ્લેખનીય છે કે આજે સમગ્ર દેશમાં દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસે નિમિતે ભારતીય જનતા પાર્ટી દ્વારા વિવિધ કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યુ છે જેમાંથી સિંગવડ પણ બાકાત નથી.

**સામૂહિક રાષ્ટ્રગાન સાથે કાર્યક્રમની પૂર્ણાહુતિ કરાઇ**

## ગોધરાની કાંકણપુર આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં હિન્દી દિવસ ઉજવાયો

(પ્રતિનિધી) ગોધરા, તા.16

ગોધરા તાલુકાની કાંકણપુર આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ રાષ્ટ્રીય હિન્દી દિવસ નિમિત્તે કાર્યક્રમ યોજાયો હતી. જેમાં પી.એચ.ડી. કરતા સંશોધનાર્થીઓ સહિત ૨૫૦થી વધુ વિદ્યાર્થીઓએ વિશાળ સંખ્યામાં હાજરી આપી સમગ્ર કોલેજ પરિસરને હિન્દીમય બનાવી દીધું હતું.આ કાર્યક્રમની અધ્યક્ષતા કોલેજના આચાર્ય ડૉ. જે. પી. પટેલે કરી હતી. તેમણે પોતાના પ્રાસંગિક ઉદ્બોધનમાં રાષ્ટ્રના નિર્માણ અને એકતામાં હિન્દી ભાષાના મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો અને ઉપસ્થિત તમામ લોકોને હિન્દી દિવસની હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી. કાર્યક્રમનું સફળ સંચાલન હિન્દી



વિભાગના ડૉ. જે. એલ. પટેલે કર્યું હતું. તેમણે વિદ્યાર્થીઓને સંબોધતા હિન્દી દિવસના ઐતિહાસિક, સાંસ્કૃતિક અને ભાષાકીય મહત્વ અંગે અત્યંત વિસ્તૃત અને રસપ્રદ માહિતી પૂરી પાડી હતી. આ પ્રસંગે ડૉ. કે. જી. ચંદાણાએ હિન્દી ભાષાની આજના સમયમાં ઉપયોગિતા અને તેના સતત વિકાસ તેમજ સંવર્ધનમાં યુવા પેઢીની સક્રિય ભૂમિકા વિશે સચોટ માર્ગદર્શન આપ્યું હતું. કોલેજના તમામ પ્રાધ્યાપકોએ પણ આ કાર્યક્રમમાં હાજર રહીને વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. વધુમાં, સર્વોદય ચેરિટેબલ ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી મૌલીનભાઈ બી. શાહે પણ આ ગૌરવપૂર્ણ અવસરે સંસ્થા અને વિદ્યાર્થીઓને પોતાની વિશેષ શુભેચ્છાઓ પાઠવી હતી. કાર્યક્રમના અંતિમ ચરણમાં ડૉ. કે. જી. ચંદાણા દ્વારા ઉપસ્થિત તમામ મહાનુભાવો, પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીઓની આભારવિધિ કરવામાં આવી હતી. હિન્દી ભાષા પ્રત્યેના આદર અને પ્રેમભર્યા વાતાવરણમાં યોજાયેલો આ સમગ્ર કાર્યક્રમ સંપન્ન થયો હતો અને અંતે સામૂહિક રાષ્ટ્રગાન સાથે કાર્યક્રમની સત્તાવાર પૂર્ણાહુતિ જાહેર કરવામાં આવી હતી.

**નગરપાલિકા પ્રમુખ અને ચીફ ઓફિસરે વિસ્તારની મુલાકાત લીધી**

## કાલોલમાં સ્ટ્રીટ લાઈટની કામગીરીનું ટોપ લેવલ નિરીક્ષણ

(પ્રતિનિધી) કાલોલ, તા.16

"સેવા સંકલ્પ અભિયાન-૨૦૨૬" અંતર્ગત કાલોલ નગરમાં ચાલી રહેલી સ્ટ્રીટ લાઈટની કામગીરીને વધુ વેગ મળ્યો છે.

કાલોલ નગરના વિવિધ વિસ્તારો જેમાં શામળદેવી તળાવડી વાળી સોસાયટીઓ, પાણીની ટાંકી વિસ્તાર, સ્ટેશન રોડ અને નવી સોસાયટીઓ તરફ ના વિસ્તારોમાં થાંભલાઓ ઉપર સ્ટ્રીટ લાઈટ લગાવવાની કામગીરી હાલ પુરજોશમાં ચાલી રહી છે.

ત્યારે આ ચાલતી કામગીરીનું કાલોલ નગરપાલિકા ના પ્રમુખ હસમુખભાઈ મકવાણા અને ચીફ ઓફિસર સંજયભાઈ પટેલ દ્વારા સ્થળ પર જઈને બારીકાઈથી નિરીક્ષણ કરવામાં



આવ્યું હતું. બંને અધિકારીઓએ કામની ગુણવત્તા, થાંભલાઓની મજબૂતાઈ અને LED લાઈટોની કામગીરી અંગે જાત માહિતી મેળવી હતી અને કામ ઝડપથી પૂર્ણ કરવા સૂચના આપી હતી. જ્યાં આ નિરીક્ષણ દરમિયાન નગરપાલિકાના કર્મચારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. કાલોલ શહેરના અંધારિયા વિસ્તારોને ઝળહળતા કરવાના આ પ્રયાસને સ્થાનિક રહીશો દ્વારા આવકારવામાં આવી રહ્યો છે.

**સુખસર પોલીસની જનહિતમાં સરાહનીય કામગીરી**

## અંબાજી પગપાળા જતા યાત્રિકોના વાહનોને સલામતી માટે રેડિયમ લગાવાઈ

(પ્રતિનિધિ) સુખસર,તા.16

દાહોદ જિલ્લાના સુખસર પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા જનરક્ષક 112 સુખસરની ટીમ અને સુખસર પોલીસ સ્ટેશનનાં પોલીસ કર્મચારીઓ દ્વારા મહત્વપૂર્ણ સુરક્ષા કામગીરી હાથ ધરવામાં આવી હતી. અંબાજી પગપાળા જતા યાત્રિકોના વાહનનો દૂરથી દેખાય તે માટે વાહનો પર રેડિયમ લગાવવામાં આવ્યું હતું.

રાત્રિના સમયે વાહનો સરળતાથી નજરે પડે તે માટે આ પહેલ કરવામાં આવી છે.રેડિયમ લગાવવાથી વાહનોની વિઝિબિલિટી વધશે અને અકસ્માતનું જોખમ ઘટાડવામાં મદદ મળશે.



યાત્રિકોની સુરક્ષા માટે પોલીસ દ્વારા લેવામાં આવેલું આ પગલું પ્રશંસનીય છે. ખાસ કરીને અંધારામાં વાહન ચાલકોને આગળ જતા વાહનોની ઓળખ કરવામાં સરળતા રહેશે. પોલીસની આ કામગીરીથી અંબાજી જતા પદયાત્રીઓ અને તેમના વાહનોની સલામતીમાં વધારો થશે.યાત્રિકોની સુખાકારી અને સુરક્ષાને ધ્યાનમાં રાખીને આ વ્યવસ્થા કરવામાં આવી છે. સુખસર પોલીસની આ માનવતાભરી અને જવાબદારીપૂર્ણ કામગીરી લોકોમાં સુરક્ષાની ભાવના મજબૂત બનાવે છે.સુખસર પોલીસ સ્ટેશનની આ પહેલ ખરેખર જનસુરક્ષા અને સેવાભાવનું ઉત્તમ ઉદાહરણ છે.

## ભારતમાલા પ્રોજેક્ટ અંતર્ગત કલેકટરના અધ્યક્ષ સ્થાને જિલ્લા કક્ષાની બેઠક યોજાઈ

(પ્રતિનિધી) દાહોદ, તા.16

ભારતમાલા પરિયોજના અંતર્ગત નેશનલ હાઈવે-૧૪૮/ એન દાહોદ જિલ્લાના ગોવિંદ ગુરુ લીમડી તાલુકાના ૧૪ ગામોમાંથી પસાર થઈ રહ્યો છે. આ પરિયોજનામાં જમીન સંપાદન દરમિયાન ખેડૂતોને પડતી મુશ્કેલીઓના અસરકારક નિરાકરણ માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા રચવામાં આવેલી આંતરિક સમિતિની બેઠક આજે કલેક્ટર કચેરી, દાહોદ ખાતે કલેકટર સુરભિ ગૌતમના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી.

બેઠકમાં ભારતમાલા પરિયોજના અંતર્ગત જમીન સંપાદન પ્રક્રિયા દરમિયાન



ઉદ્ભવતી વિવિધ સમસ્યાઓ, ખેડૂતો-સ્થાનિકોની રજૂઆતો તથા સંબંધિત પ્રશ્નોના સમયસર અને અસરકારક નિરાકરણ અંગે ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. સંબંધિત અધિકારીઓ દ્વારા ભારતમાલા પરિયોજનાની કામગીરી સાથે સંકળાયેલા પ્રશ્નો અંગે જરૂરી માહિતી રજૂ કરવામાં આવી હતી.

## દાહોદ જિલ્લામાં તા. ૧૭ સપ્ટેમ્બરે સ્વૈચ્છિક રક્તદાન કેમ્પો યોજાશે

દાહોદ : ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે દાહોદ જિલ્લામાં "સેવા મેરા યોગદાન - રક્તદાન મહાદાન" અંતર્ગત તા. 17 સપ્ટેમ્બર, 2026ના રોજ વિવિધ સ્થળોએ સ્વૈચ્છિક રક્તદાન કેમ્પોનું આયોજન કરવામાં આવ્યું છે. રક્તદાન માનવતાની મહાન સેવા છે. આપના દ્વારા કરવામાં આવેલું એક યુનિટ રક્ત કોઈ જરૂરિયાતમંદ દર્દી માટે જીવનરક્ષક બની શકે છે. સમાજના નાગરિકોને આ સેવાકીય અભિયાનમાં ઉત્સાહપૂર્વક જોડાઈ સ્વૈચ્છિક રક્તદાન કરવા અપીલ કરવામાં આવે છે. જિલ્લાના નાગરિકોને રક્તદાન કેમ્પમાં સહભાગી બની "સેવા મેરા યોગદાન" અભિયાનને જનભાગીદારીથી સફળ બનાવવા અપીલ કરવામાં આવે છે.

## પીએમ મોદીના જન્મદિવસ નિમિત્તે કાલોલમાં દીવડાનું વિતરણ કરાયું



કાલોલ : દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે આયોજિત દીપ પ્રાગટ્ય કાર્યક્રમ અંતર્ગત કાલોલ તાલુકા ભારતીય જનતા પાર્ટી મંડળ દ્વારા સેવાકીય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમ અંતર્ગત કાલોલ તાલુકા ભાજપ મંડળના હોદ્દેદારો તથા કાર્યકર્તાઓ દ્વારા નગરમાં દીવડાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## દાહોદ જિલ્લામાં ગણપતિ વિસર્જન નિમિત્તે ટ્રાફિક ડાયવર્ઝન જાહેર

(પ્રતિનિધી) દાહોદ, તા.16

આગામી તા. ૨૫ સપ્ટેમ્બર ૨૦૨૬ ના રોજ યોજાનાર ગણપતિ વિસર્જન દરમિયાન ટ્રાફિક વ્યવસ્થા અને કાયદો-વ્યવસ્થા જાળવવા માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી જે. એમ. રાવલ દ્વારા ટ્રાફિક ડાયવર્ઝનનું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. જેસાવાડા, ગરબાડા અને એમ.પી. તરફથી આવતી બસો પડાવ બજારમાં પ્રવેશી શકશે નહીં. આ બસો ગરબાડા ચોકડી, ગોધરા રોડ જકાતનાકા અને વનચેતના ત્રણ રસ્તા થઈ બસ સ્ટેશન પહોંચશે. શહેરમાં વાહન પ્રવેશ પ્રતિબંધઃ મંડાવાવ સર્કલથી પડાવ સર્કલ, એમ.જી. રોડ, દોલતગંજ બજાર અને હનુમાન બજાર વિસ્તારમાં ખાનગી વાહનો, જીપ, ટેમ્પો અને છકડા માટે પ્રવેશ બંધ રહેશે. વૈકલ્પિક માર્ગોઃ ગોધરા રોડ તરફથી આવતા વાહનો બિરસા મુંડા સર્કલ થઈ શિવાજી ચોક તરફ અને પડાવ તરફના વાહનો લક્ષ્મીનગર થઈ મંડાવાવ સર્કલ તરફ જઈ શકશે. વિસર્જન યાત્રાઃ એમ.જી. રોડ પર વિસર્જન યાત્રાનો પ્રવેશ બંધ રહેશે. શોભાયાત્રા માણેક ચોક અને જનતા ચોક થઈ કૃત્રિમ તળાવ પહોંચશે. લીમખેડા-લીમડીઃ ભારે વાહનો અને એસ.ટી. બસો મુખ્ય બજારમાં પ્રવેશી શકશે નહીં; તેઓ બાયપાસ અને હાઈવે રોડનો ઉપયોગ કરવાનો રહેશે. એમ્બ્યુલન્સ, દર્દી વાહનો, ફાયર બ્રિગેડ, પોલીસ અને સરકારી સેવાના વાહનોને આ નિયમોમાંથી મુક્તિ આપવામાં આવી છે.

## કાલોલમાં હઝરત સૈયદ ફખરૂદીન રીફાઈના ૧૮૬મા ત્રણ દિવસીય ઉર્ષની ઉજવણી

(પ્રતિનિધી) કાલોલ, તા.16

વડોદરા શહેરમાં આવેલ દાંડીયા બજાર સ્થિત સુપ્રસિદ્ધ ખાનકાહે આલિયા રિફાઈયા સ્થિત દરગાહમાં આરામ ફરમાવતા હઝરત સૈયદ ફખરૂદ્દીન ગુલામ હુસેન અલ-મારૂક અમીરમીયા રિફાઈ રદીઅલ્લાહો અહ્ ના ૧૮૬ મો વાર્ષિક આ ઉર્સ રીફાઈ ગાદીના ગાદીપતિ હઝરત સૈયદ શાહ કમાલુઉદ્દીન મઝરૂલ્લા સાહેબની સજજ્જાદગીમાં અને ખાનકાહે આલિયા રિફાઈયા ના સદર હઝરત સૈયદ મોઈનુદ્દીન ઉર્ફે નૈયરબાબા રિફાઈ તથા ખાનવાદા એ રીફાઈ ના મુબારક હાથોથી હજારોની મેદની વચ્ચે સંદલની વીધી સંપન્ન કરવામાં આવી હતી. દર વર્ષે વડોદરા દાંડીયા બજાર સ્થિત



ખાનકાહ શરીફમાં પર ભવ્યાતિભવ્ય રીતે હર્ષોલ્લાસ સાથે ઉર્સ ઉજવણી થાય છે અને પરંપરાગત રીતે યોજાતા જૂલુસ માં સમગ્ર ગુજરાત સહિત પંચમહાલ જિલ્લાના ગોધરા કાલોલ શહેરા હાલોલ સહિત સમગ્ર ભારતના અનેક વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં હિન્દુ અને મુસ્લીમ જાયરીનો (ભાવિકો) મોટી સંખ્યામાં જુલુસમાં જોડાયા હતા.

**પંચમહાલ જિલ્લામાં આજથી એક મહિના સુધી વિવિધ કાર્યક્રમોનુ આયોજન**

## ગ્રામ્ય વિસ્તારોમાં સફાઈને ધ્યાને રાખી સ્વચ્છતા હી સેવા અભિયાન આરંભાશે

**નાગરિકો, યુવાનો અને સંસ્થાઓને આ જન આંદોલનમાં સક્રિય જોડાવા જિલ્લા વહીવટી તંત્રની અપીલ**

(પ્રતિનિધી) ગોધરા, તા.16

પંચમહાલ જિલ્લામાં સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ કેળવવા અને જનભાગીદારીને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશથી આગામી તા. ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૬ થી તા. ૧૭ ઓક્ટોબર ૨૦૨૬ દરમિયાન સ્વચ્છતા હી સેવા-૨૦૨૬ અભિયાનની ઉજવણી કરવામાં આવશે. આ વર્ષે આ અભિયાન Swachhata Mein Sahbhag, Swachh Bharat,



Vikshit Bharatની થીમ પર આધારિત રહેશે. આ અભિયાન અંતર્ગત સમગ્ર પંચમહાલ જિલ્લાના ગ્રામ્ય તેમજ તાલુકા સ્તરે વિવિધ સ્વચ્છતાલક્ષી પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં મુખ્યત્વે સ્વચ્છતા લક્ષિત એકમો (Cleanliness Target Units - CTU) ની સફાઈ અને પરિવર્તન, જાહેર સ્થળોની સ્વચ્છતા, શાળાઓ અને યુવાનોની સહભાગિતા, સફાઈમિત્ર સુરક્ષા અને સન્માન શિબિર તેમજ સ્વચ્છતા સે સમૃદ્ધિ જેવી વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવશે. જિલ્લાની તમામ તાલુકા પંચાયત કચેરીઓ દ્વારા ગ્રામ પંચાયતો, શાળાઓ, સ્વસહાય જૂથો (SHG), યુવા મંડળો, સ્થાનિક સંસ્થાઓ અને સ્વચ્છાગ્રહીઓના સહયોગથી વિવિધ કાર્યક્રમો યોજાશે. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોના ગંદા તથા ઉપેક્ષિત સ્થળોની ઓળખ કરી તેને CTU તરીકે સમયસર સાફ કરવામાં આવશે.

**બોલ મારી અંબે, જય જય અંબેના નાદ ગુંજ્યાં**

## સીંગવડના દાસા ગામેથી અંબાજી પદયાત્રા રથનું સાંસદે પ્રસ્થાન કરાવ્યું



(પ્રતિનિધી) સીંગવડ, તા.16

સીંગવડ તાલુકાના દાસા ગામેથી જગતજનની માં અંબાના ધામ અંબાજી તરફ જઈ રહેલી પદયાત્રાના માં અંબે રથનું પ્રસ્થાન સાંસદ જસવંતસિંહ ભાભોર દ્વારા કરાવવામાં આવ્યું હતું. આ પ્રસંગે સાંસદ તથા પરિવાર દ્વારા રથનું પૂજન-અર્ચન કરવામાં આવ્યું હતું અને અંબાજી તરફ પ્રસ્થાન કરી રહેલા પદયાત્રી સંઘને શુભકામનાઓ પાઠવવામાં આવી હતી. "બોલ મા અંબે, જય જય અંબે!" ના ગગનભેદી જયઘોષ સાથે પદયાત્રીઓ ભક્તિભાવપૂર્વક અંબાજી તરફ રવાના થયા હતા. આ પ્રસંગે ગ્રામજનો અને આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

**રજવાડાઓની શૈલી જેવુ બાંધકામ થઇ રહ્યુ છે**

## કાલોલ ખાતે શ્રી વ્રજગોવર્ધન વિલાસ હવેલીના નવનિર્માણ કાર્યનું નિરીક્ષણ

**હવેલીના નિર્માણ થયા પછી નગરમાં આધ્યાત્મિક માહોલ સર્જાશે**

(પ્રતિનિધી) કાલોલ, તા.16

ઉત્સવી નગરી કાલોલ ખાતે શ્રી વ્રજગોવર્ધન વિલાસ હવેલીના નવનિર્માણનું કાર્ય અત્યંત ઝડપથી અને ભક્તિભાવપૂર્વક આગળ વધી રહ્યું છે. આ ભવ્ય અને દિવ્ય સંકુલના સ્વપ્નદ્રષ્ટા તથા શ્રીગોવર્ધનનાથજી હવેલીના ગાદીપતિ ગોસ્વામી ડૉ. અભિષેકલાલજી મહારાજએ રૂબરૂ પધારીને ચાલી રહેલા નિર્માણ કાર્યનું નિરીક્ષણ કર્યું હતું અને જરૂરી માર્ગદર્શન પૂરું



પાડ્યું હતું અદ્ભુત સ્થાપત્ય કલાઃ આ હવેલીમાં વ્રજભૂમિ અને મેવાડની પૌરાણિક સ્થાપત્ય શૈલીનો અદ્વિતીય સંગમ જોવા મળશે. અહીં પ્રાચીન અને અર્વાચીન સ્થાપત્ય કળાનો સુંદર સમન્વય કરવામાં આવી રહ્યો છે.અનુભવી એન્જિનિયરો અને કુશળ કારીગરો દ્વારા નિર્માણ કાર્યને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.

મહારાજના માર્ગદર્શન હેઠળ કાલોલ વૈષ્ણવ સમાજના ઉત્સાહી યુવાનો અને હવેલીના અધિકારીઓ આ બાંધકામની દેખરેખ અને સેવામાં પોતાનો પૂરતો સમય આપી રહ્યા છે. નવનિર્માણ પામી રહેલું આ આકર્ષક અને કલાત્મક સંકુલ આગામી સમયમાં કાલોલ નગરીના અગ્રણ્ય અને જોવાલાયક સ્થાપત્યોમાં સ્થાન પામશે.